ગાંધીનગર સમાચાર

તા. ૨-૬-૨૦૧૫, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

# દૂધનો ભાવ-વધારો મધ્યમવર્ગની કમ્મર તોડી નાંખશે

એકી સાથે સર્વિસ ટેક્સ અને દૂધના ભાવના વધારાથી મધ્યમ વર્ગ અને ગરીબ પ્રજાને કમ્મરતોડ ફટકો પડ્યો છે. ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદન સંઘ દ્વારા છાસવારે દૂધના ભાવોમાં વધારો જાહેર કરાતો રહે છે અને પ્રજા એનો માર સહન કરતી રહે છે. આ પરંપરા સતત ચાલતી રહેશે તો એક દિવસ એવો આવશે કે લોકો દૂધ ખાવાનું બંધ કરી વૈકલ્પિક આહાર તરફ વળશે. નવ વર્ષના ગાળામાં વીસમી વખત દૂધના ભાવ વધારાયા છે, એનો અર્થ એ જ કે પ્રજાની મજબૂરી આ સહકારી ડેરીઓના સૂત્રધારો સમજી ગયા છે. એમને એ બાબતે પણ ખાતરી છે કે રાજય કે કેન્દ્ર સરકાર આપણી દાદાગીરી સામે ઊંચી આંખ કરવાની નથી. કારણ એટલું જ કે આ લોકો ખેડૂતો અને પશુપાલકોની રાક્ષસી મતબેંકથી ડરે છે. કલ્યાણરાજની સંકલ્પનામાં પ્રજાનો એક વર્ગ બીજા વર્ગની ડરે તે લોકશાહીની નિષ્ફળતા જ ગણાય. ખરું પૂછો તો સહકારી ક્ષેત્રેના ખાંધિયા રાજકારણીઓ ખેડૂતો અને પશુપાલકોના નામે ચરી ખાવા પેંધા પડી ગયા છે. ખેડૂતોને ભાવવધારો થવાથી કોઇ વિશેષ લાભ નથી મળતો. સહકારી ડેરીઓ સામે ડેન્માર્ક અને નેધરલેન્ડ જેવા યુરોપના દૂધ ઉત્પાદકો ઘણા નીચા ભાવે ભારતની પ્રજાને દૂધ ઉપલબ્ધ કરાવવા તૈયાર છે. દૂધ સહકારી સંઘોના નેતાઓ એમનાં રજવાડાં સાચવવાની લાયમાં પ્રજાહિતનો આવો કોઇ નિર્ણય કેન્દ્ર સરકારને લેવા દેતા નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એ પ્રજાવિરોધી અને પશુપાલકોના નામે માલમલીદા ઉડાવતા સહકારી નેતાઓને પાઠ ભણાવવો જોઇએ. એથી પણ આગળ ખુદ ખેડૂતોના પ્રતિનિધિઓએ - કિસાન સંઘે આ મુદ્દે ખેડૂતોની સાથે વાટાઘાટો કરી વાજબી ભાવે દૂધ ઉપલબ્ધ કરાવવા એમને સહમત કરવા જોઇએ. દૂધ ઉત્પાદક સંઘોએ છેલ્લાં વર્ષો દરમિયાન કાઠું કાઢ્યું છે એન એથી ખેડૂતોને થયો હશે એ કરતાં ઘણો વધારે ફાયદો આ પ્રવૃત્તિ સાથે સંકળાયેલા ધોળિયાઓને થયો છે. સ્થાપિત હિતો બની ગયેલી આવી સંસ્થાઓ સામે પ્રજાકીય સ્તરેથી અસહકારનું આંદોલન શરું થવું જોઇએ. દૂધ માફિયાને કાળીનાગની જેમ વેળાસર નાથવાની જરુર છે. મહાત્મા ગાંધી તો દૂધને પણ માંસાહાર જ ગણતા હતા અને એથી પોતે ગૌસેવા કરતા હોવા છતાં તબીબોના આગ્રહને વશ થઇ માત્ર બકરીનું દૂધ પીવા સહમત થયા હતા. દૂધ સંપૂર્ણ ખોરાક છે અને ગામડાંના ખેડૂતો માટે એ પૂરક વ્યવસાય પણ છે. પરંતુ દૂધ જેવી પવિત્ર કોમોડિટીને વધુ ને વધુ મોંઘી બનાવી દઇ પ્રજાનું લોહી પીવાની નીતિ અખત્યાર કરાતી હોય ત્યારે એનો બહિષ્કાર કરવાની પણ તૈયારી રાખવી ઘટે. બાળકોના મોઢા સુધી દૂધનો ઘૂંટડો સુદ્ધાં ન પહોંચે એવા કમ્મરતોડ ભાવવધારા ઝીંકનારા સહકારી આગેવાનો પાસે પ્રજાએ જવાબ માંગવાનો સમય પાકી ગયો છે.



## ગુજરાતની ટીમે ભુતાનમાં ભાગ લઈ ૩૭ મેડલ જીત્યા

ભુતાનના થીમ્ફુ શહેરમાં જમ્પરોપ રમતની ત્રીજી સાઉથ એશિયન સ્પર્ધા યોજાઈ હતી. સ્પર્ધામાં ગુજરાતના ૧૨ ખેલાડીઓએ ભાગ લઈ ૩૭ મેડલ મેળવી ગુજરાતનું ગૌરવ વધાર્યુ છે. ઉપરોક્ત તસવીરમાં સ્પર્ધામાં ભાગ લીધેલા ખેલાડીઓ દશ્યમાન થાય છે.

# કોમર્સની ૭૧ કોલેજોની ૨૭ હજાર સીટ પર પ્રવેશ અપાશે

### અમદાવાદ જિલ્લાનું પરિણામ ગત વર્ષની તુલનામાં વધી ગયા બાદ અટકળોનો કુલપતિ દ્વારા આખરે અંત લવાયો

અમદાવાદ, તા.૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા બે દિવસ પહેલા જાહેર કરાયેલા ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ છેલ્લા ૨૪ વર્ષનું સૌથી નીચું રહ્યું છે. જો કે અમદાવાદ જિલ્લાનું સરેરાશ પરિણામ ગત વર્ષની તુલનામાં એકથી દોઢ ટકો વધારે આવ્યું છે. ત્યારે ગુજરાત યુનિવર્સિટી દ્વારા કોમર્સની ૭૧ કોલેજોની ૨૭,૦૦૦ બેઠકો ઉપર પ્રવેશ આપવામાં આવશે. ગુજરાત યુનિવર્સિટીનાં કુલપતિએ દાવો કર્યો છે કે અમદાવાદ શહેરની કોમર્સ ફેકલટીની કોલેજોમાં પ્રવેશ કોઈ મુશ્કેલી નહીં પડે. પ્રાપ્ત થતી માહીતી મુજબ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ તારીખ ૩૦ મેના રોજ જાહેર કરાયું હતું આ પરિણામ છેલ્લા ૨૪ વર્ષનું સૌથી નીંચુ અને નબળુ પરિણામ હતું. આમ છતાં અમદાવાદ જિલ્લાનું સરેરાશ પરિણામ ગત વર્ષની તુલનામાં એકથી દોઢ ટકાનો વધારો થયો છે.

આ સંજોગોમાં ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોમર્સ ફેકલ્ટીની ૭૧ કોલેજોની ૨૭,૦૦૦થી વધુ બેઠકો વિદ્યાર્થીઓ માટે પુરતી થઈ શકશે કે કેમ તેની ઉપર સૌની મીટ મંડાઈ છે. ત્યારે ગુજરાત યુનિવર્સિટી સત્તાધીશોનું માનવું છે કે ગત વર્ષે યુનિવર્સિટી સંલગ્ન વિવિધ કોલેજોની ૩૦,૦૦૦ જેટલી બેઠકો ઉપર પ્રવેશની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ પ્રક્રિયાના પૂર્ણ થયા બાદ શહેરની વિવિધ કોલેજોની કુલ મળીને ૨,૦૦૦ જેટલી બેઠકો ખાલી પડી રહી હતી. આ વખતે બે કોલેજો ઓછી થવા છતાં સત્તાધીશોનું માનવું છે કે આ વર્ષે પણ એક હજાર જેટલી બેઠકો ખાલી પડી રહે તેવી સંભાવના છે. આ અંગે ગુજરાત યુનિવર્સિટીનાં કુલપતિ એમ.એન.પટેલે જણાવ્યું હતું કે ગત વર્ષની તુલનામાં અમદાવાદ શહેરનું પરિણામ થોડુ ઊંચુ આવ્યું છે. તેમજ યુનિવર્સિટી સંલગ્ન કેટલીક કોલેજો અન્ય ખાનગી યુનિવર્સિટીમાં જવાથી ૩,૦૦૦ જેટલી બેઠકોની ઘટ પડશે, પરંતુ તેની સામે સાત નવી ઈન્ટિગ્રેટેડ કોલેજો શરૂ થનાર છે. જેને કારણે નવી ૮૪૦ જેટલી બેઠક ઉમેરાશે, આથી યુનિવર્સિટીની કુલ બેઠક ૨૮,૦૦૦થી વધુ બેઠક ઉપલબ્ધ છે. જેના કારણે બેઠકો ઓછી પડે તે શક્યતા નથી.

## નેલ્શન શાળામાં ડોનેશન મુદ્દે થયેલો હોબાળો

અમદાવાદ, તા.૧

શાળાઓમાં પ્રવેશ પ્રક્રિયા તેના અંતિમ તબક્કામાં છે ત્યારે ઠેરઠેર ડોનેશનમાં કિસ્સાઓ સામે આવી રહ્યા છે. સરકાર દ્વારા ડોનેશનના દુષણને ડામવાના દાવાઓ કરવામાં આવે છે જો કે આ દાવાઓને ખોટો ઠેરવતો બનાવ તાજેતરમાં અમદાવાદમાં ખોખરા વિસ્તારની નેલ્શન સ્કુલમાં સામે આવ્યો હતો. જેમાં પોતાના સંતાનોનું ડોનેશન ભરી શકનાર મહીલાએ પોતાના બે સંતાનો સાથે સાબરમતી નદીમાં ઝંપલાવી મોતને વ્હાલુ કર્યું હતું. ત્યારે આ ઘટનાનાં વિરોધમાં આજે એનએસયુઆઈ દ્વારા નેલ્શન સ્કુલ સામે વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. એનએસયુઆઈનાં કાર્યકર્તાઓ શાળાના બોર્ડ ઉપર શાહી ફેકીને શાળાની માન્યતા રદ કરવામી માંગ સાથે હંગામો મચાવ્યો હતો આ ઉપરાંત એનએસયુઆઈનાં કાર્યકર્તાઓ દ્વારા ડોનેશનની પ્રથા બંધ કરવા તેમજ ભોગ બનનાર શાહ પરિવારને વળતર ચુકવવાની માંગ કરતાં બેનર્સ પ્રદર્શીત કર્યા હતા. કેટલાક બેનર્સ ડોનેશનમાંથી શિક્ષણમંત્રીને કેટલુ કમિશન મળે છે.તેવા વેધક સવાલો પણ ઉઠાવવામાં આવ્યા હતા. એનએસયુઆઈનાં કાર્યકર્તાએ ભારે હંગામાં મચાવતા શાળા સંચાલકોએ પોલીસ બોલાવી હતી. જેમણે કેટલાક કાર્યકર્તાઓની અટકાયત કરી હતી. જો કે મોડી સાંજે તેમણે છોડી મુકવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, નેલ્શન સ્કુલમાં પોતાના બે સંતાનોને પ્રવેશ અપાવવા માટે ૩૦ હજાર રૂપિયાના ડોનેશનની સગવડ થતા એક મહિલાએએ પોતાના બે બાળકો સાથે મળી વલ્લભસદ પાસે સાબરમતી નદીમાં ઝંપલાવી મોતને વ્હાલુ કર્યુ હતું.

## સેક્ટર-૭ ચૌધરી કન્યા વિદ્યાલયનું સામાન્ય પ્રવાહનું ૯૭ ટકા પરિણામ

ગાંધીનગર, તા. ૧

શહેરના સેક્ટર-૭ સ્થિત જે.એમ. ચૌધરી સાર્વજનિક વિદ્યાલયે સામાન્ય પ્રવાહનું ૯૭ ટકા પરિણામ મેળવ્યુ છે. શાળાના કુલ ૧૦૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

જેમાં ૯૭ વિદ્યાર્થીઓ પાસ થયા છે. જ્યારે અન્ય ૩ નાપાસ થયા છે. જેમાં મોહિતા પરમાર ૮૦.૧૪ ટકા સાથે પ્રથમ, રીના ડેકલીયા ૭૮.૨૬ ટકા સાથે બીજો અને અંજલી પરમાર ૭૮ ટકા સાથે ત્રીજો નંબર પ્રાપ્ત કર્યો છે. શાળા પરિવારે ઉત્તીર્ણ થનાર અને પ્રથમ સ્થાન મેળવનાર તમામ વિદ્યાર્થીનીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

## વર્લ્ડ ટોબેકો-ડેની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૧

વનશ્રી ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા વર્લ્ડ ટોબેકો-ડે ૩૧ મે ની ઉજવણી કરવામાં આવી હતી. ટ્રસ્ટના કાર્યકરો અને પીડીપીયુના વિદ્યાર્થીઓ વચ્ચે વ્યસનમુક્તિ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. જેમાં ૨૫ થી વધુ વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહી ચર્ચામાં ભાગ લીધો હતો. યુવાપેઢી વ્યસનના રવાડે ચડી ગઈ છે. વ્યસન એક દૂષણ સાબિત થઈ રહ્યું છે. ત્યારે વનશ્રી ટ્રસ્ટ દ્વારા દેશની આવતીકાલને સુધારવા એક નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે કોલેજના વિદ્યાર્થીઓને પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી કે અમે વ્યસનમુક્ત અભિયાન ચલાવીશુ. જેના થકી વ્યસનમુક્ત ગુજરાત તંદુરસ્ત ગુજરાત બનાવાશે. સમગ્ર આયોજન બ્રિજેશ પ્રજાપતિ, દર્શિત પુરોહિત દ્વારા કરવામાં આવ્યું હતું.

## હરિની દ્રષ્ટિ...




હે ભોળાનાથ ખોટું ન લગાડતાં આ ગરમીમાં તમારી જેમ અમને પણ જરૂર પડે છે.. !!

# યુપીએસસીની પ્રિલીયરી પરીક્ષા ૨૩ ઓગસ્ટે થશે

અમદાવાદ, તા.૧

યુનિયન પબ્લીક સર્વિસ કમિશન દ્વારા દેશમાં આઈએએસ આપીએસ સહિતની કેન્દ્રીય વહીવટી વિભાગોના અધિકારીઓની ભરત માટે લેવામાં આવતી યુપીએસસીની પ્રિલમરી પરીક્ષા ૨૩ ઓગસ્ટનાં રોજ લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે આ પરીક્ષા માટે યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો યુપીએસસીની વેબસાઈટ ઉપર જરૂરી પ્રમાણપત્રો સાથે ૧૯ જુન સુધીમાં પોતાની ઓનલાઈન અરજી કરી શકશે.

દેશમાં સિવિલ સર્વિસનાં ૧૧૨૯ પદો ઉપર અધિકારીઓની ભરતી માટે દર વર્ષે યુનિયન પબ્લીક સર્વિસ કમિશન દ્વારા યુપીએસસીની પરક્ષા લેવામાં આવે છે જે અંતર્ગત ચાલુ વર્ષે પ્રિલીમહી પરીક્ષા આગામી ૨૩મી ઓગસ્ટનાં રોજ લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. યુજીસી માન્ય કોઈપણ યુનિવર્સિટીની સ્નાતકની પદવી ધરાવતા અથવા ચાલુ વર્ષે સ્નાતકની પરીક્ષા આપી હોય તેવા ઉમેદવારો આ યુપીએસસીની પ્રિલમરી પરીક્ષા માટે ૧૯ જુન સુધીમાં પોતાની અરજી કરી શકશે. આ પરીક્ષામાં ભાગ લેવા માટે ઉમેદવારની ઉમર ઓછામાં ઓછી ૨૧ અને વધુમાં વધુ ૩૨ વર્ષ હોવી જોઈએ એટલે કે બે ઓગસ્ટ ૧૯૮૩થી ૧ ઓગસ્ટ ૧૯૯૪ વચ્ચે જન્મતારીખ ધરાવતા ઉમેદવારો આ પરીક્ષા માટે અરજી કરી શકશે. નિયમ મુજબ ઓબીસી, એસસી, એસટી, ઉમેદવારોએ પોતાના ઉમેદવારી પત્ર સાથે યુનિયન પબ્લીક સર્વિસ કમિશનના નામનો ૧૦૦ રૂપિયાનો રાષ્ટ્રીયકૃત બેંકનો ડીમાન્ડ કાફટ જોડવાનો રહેશે જો કે એસસી એસસી અપંગ અને મહિલા ઉમેદવારોને આ પરીક્ષા ફીમાં માફી મળવાપાત્ર રહશે. ઉલ્લેખનીય છે કે ૨૩ ઓગસ્ટના રોજ યુપીએસસી દ્વારા અમદાવાદ, દિલ્હી, મુંબઈ, કોલકતા, બેગ્લોર, ચેન્નાઈ, હૈદરબાદ, પટણા, સહીત દેશના ૭૧ કેન્દ્રો ઉપરથી પ્રિલીમરી પરીક્ષા લેવામાં આવશે. જેમાં સિલેકટ થનાર ઉમેદવારોને યુપીએસસીની મેઈન-પરીક્ષા આપવાની તક આપવામાં આવશે.



## ચંદ્રાલામાં પાટીદાર સમાજે વોલીબોલ ટૂર્નામેન્ટ યોજી

ગાંધીનગર તાલુકાના ચંદ્રાલા ખાતે પી.એમ. પટેલ સાર્વજનિક શૈક્ષણિક સંકુલમાં સાબરકાંઠા જિલ્લા સરદાર પટેલ સેવાદળ, ૪૨/૮૪ કડવા પાટીદાર યુવા ફાઉન્ડેશન અને ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજ દ્વારા આયોજિત વોલીબોલ ટૂર્નામેન્ટ યોજાઈ હતી. જેમાં સમાજની ૩૦ ગામની ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં ડભોડા ટીમ વિજેતા તથા રનર્સઅપ-નરોડા ટીમ બનતાં બન્ને ટીમોને ૪૨/૮૪ કડવા પાટીદાર યુવા ફાઉન્ડેશન અને સરદાર પટેલ સેવા દળના પ્રમુખ બ્રિજેશ પટેલ, મહામંત્રી ઉર્વેશ પટેલ તથા ૪૨/૮૪ પાટીદાર સમાજના પ્રમુખ અશોકભાઈ જી. પટેલ દ્વારા વિજેતા અને રનર્સ અપ ટીમને ટ્રોફી એનાયત કરી હતી. આ ટૂર્નામેન્ટના સફળ આયોજકોમાં ઉર્વેશ પટેલ, બ્રિજેશ પટેલ, સંજય પટેલ, મિનેશ પટેલ, મેહુલ પટેલ તથા યુવા ફાઉન્ડેશન ટીમને વિશેષ યોગદાન રહેતા અભિનંદનને પાત્ર બન્યા હતા.

# જન્મ એટલે અવતરણ અને આ અવતરણના દિવસે આપણામાં એકાદ નવતર સદ્‌ગુણ કે સદ્‌વિચારનું બીજ રોપીએ તો જ ખરા અર્થમાં જન્મદિનને એક વધુ ખાસ અને યાદગાર દિવસ બનાવી શકીએ!

મારી પાસે મારો પોતાનો એક સૂરજ છે,
સંતાડેલો.
અંદર જયારે સાવ અંધારું થઈ જાય,
કશું જ ન બચે
ત્યારે એને પેટાવું છું.
એ ઊગે છે,
પગથી માથા સુધી

- લતા હિરાણી

દરેક વ્યક્તિનું પોતાનું એક આગવું જ અસ્તિત્વ અને અલગ ઓળખાણ! આ વિરાટ વિશ્વમાં કેટ-કેટલો માનવસમૂહ અને તેમ છતાં બધાં જ એકબીજાથી અલગ! પણ દરેકની અંદર રહેલું તેજ, તેની અંદર સંતાડેલો આ સૂરજ બધા માટે એકસમાન! સ્વરુપ અલગ હોઈ શકે પણ મૂળ તો આ આત્મબળરુપી ચિનગારી સર્વેમાં ઉપસ્થિત જ હોય છે! એક નાનકડા બાળકનું જયારે ઘરમાં આગમન થાય ત્યારે ચારેતરફ આનંદ-ઉલલાસ અને હર્ષનો માહોલ હોય છે ! તેના જન્મનો આનંદ તેની આસપાસ રહેલી વ્યક્તિને તેનાથી વિશેષ હોય છે. પણ સમજણ આવતાં અને ઉંમર વધતાં વ્યક્તિ માટે જીવનભર પોતાનો જન્મદિવસ હરહંમેશ કંઈક ખાસ અને વિશેષ આકર્ષણરૂપ હોય છે. આપણે દરેક બાબતોમાં આધુનિક બન્યા અને અનેક પ્રકારના દિવસોની ઉજવણીનો ઉમેર્યો કર્યો પણ આ સૌમાં જન્મદિનની ઊજવણીનો ચાર્મ તો કંઈક અલગ જ રહ્યો છે ! વ્યક્તિ પોતે જ એના માટે રોમાંચિત અને ખુશખુશાલ હોય છે. નાના બાળકો માટે 'બર્થ ડે પાર્ટી' એટલે કેક, ગેમ્સ, ગિફટ્સ અને બલૂન્સ. આ બધાનો રોમાંચ એટલો આહ્‌લાદક હોય છે કે દરેક બાળક આતુરતાપૂર્વક પોતાના જન્મદિવસની રાહ જોતો હોયછે. આખુંયે વર્ષ તે આ એક દિવસની ઉજવણીને સ્પેશિયલ બનાવવાના કેટલાય અવનવા આયોજનો વિષે વિચાર્યા કરે છે. સવારથી લઈને સાંજ સુધી તે એક અજબ પ્રકારના આનંદમાં રાચતો હોય છે. કોઈ પણ બાળક સ્વભાવથી જ પઝેસીવ હોય છે અને તેને હંમેશ આકર્ષણનું કેન્દ્ર બનવું ગમતું હોય છે. અને તેના માટે આ દિવસથી વિશેષ મોકો બીજે કયાં હોઈ શકે? બાળપણના આ સુહાના દિવસોમાં કયાં મોટા મહેલ બાંધવાના અરમાન હોય કે મોટો ઓફિસર થવાના સ્વપ્નો! એમાં તો નાની-નાની બાબતોનું સુખ અને એવી જ નજીવી બાબતોનું દુ:ખ! વિચારોનું તો રીતસર વાવાઝોડું ચાલે મનમાં...

''અમે વિફલતાના વણઝારા
અમે ખોટ ના કશી ગણનારા.
વાટમાં આવે રેત, તો એને ગૂંજે ઘાલી દઈએ,
વન આખાની લીલપ અમે રણમાં વેરી દઈએ.
અમે રણરેતીના ફરનાર
અમે વિફલતાના વણઝારા.''

- લાલજી કાનપરિયા




જન્મદિવસનો રોમાંચ યુવાવસ્થામાં તો વિશેષ પાંગરે અને વધુ નીખરે ! સરપ્રાઈઝ પાર્ટીઝ, થીમ બેઈઝ પાર્ટીઝ અને એવા કંઈ કેટલાય અવનવા બર્થ ડે સેલીબ્રેશન ! યુવાવસ્થામાં તો આમ પણ પગ જમીન પર ન હોય અને મન તો પતંગિયાની જેમ ઉડાઉડ કરતું હોય ! બર્થ ડેને ઉજવવા અને મન ભરીને માણવાના પ્લાનિંગ બર્થ ડેના કેટલાય દિવસોની પૂર્વે જ શરુ થઈ જયા હોય છે. યુવાવસ્થામાં ફ્રેન્ડ્‌સનું એક અલગ સ્થાન હોય છે. દુનિયામાં દોસ્તી જ બધું છે એવો અહેસાસ હોય છે. કવિશ્રી રવિન્દ્રનાથ ઠાકુરની આ રચના યુવાવસ્થાના આ રોમાંચને સુપેરે વર્ણવે છે :

''તારું ના, મા! બાળક હોઉં,
હોવું મારે પંખી;
ઊડી જાવું કયાંક કદાપિ
મનમાં એવું ઝંખી -
સાચેસાચું કહી દે જે, કંઈ
રાખીસ ના સંતાડી;
'પીટ્યું પંખીડું' કરી અમને
પૂરત પાંજરે, માડી?
જા મા, ત્યારે જા જા ની તું!
ઉતાર અમને ખોળેથી તું!
લાડ અમોને ના કરતી તું!
તારે ખોળે જા નહીં રમીએ!
તારે હાથે જા નહીં જમીએ!
વનવગડામાં ભાગી જઈશું!''

અત્યારે જો કે, વનવગડાને બદલે ઘણાં બધાં વિકલ્પો ઉપલબ્ધ છે : મોલ, થિયેટર કે ફાર્મ હાઉઝ! પણ જન્મદિવસની આ ઉજવણીમાં કેટલાક નવતર પ્રયોગોનો ઉમેરો ચોક્કસપણે કરવો જ રહ્યો! લીમડાનો રોપા વાવીએ, વૃદ્ધાશ્રમમાં જઈને આઈસ્ક્રીમ પાર્ટી કરીએ, કોઈક સારા પુસ્તક કે સારા વિચારને આત્મસાત્‌ કરીએ, ગરીબ અને જરૂરિયાતમંદને મદદરુપ થાય એવી કોઈ વસ્તુની ભેટ આપીએ, મંદબુદ્ધિ કે વિકલાંગ બાળકોની સંસ્થામાં જઈને તેમની સાથે એકાદ કલાક ગાળીએ તો આપણે જીવનમાં શું મેળવ્યુ છે તેનો અહેસાસ પામી શકીએ! જન્મ એટલે અવતરણ અને આ અવતરણના દિવસે આપણામાં એકાદ નવતર સદ્‌ગુણ કે સદ્‌વિચારનું બીજ રોપીએ તો જ ખરા અર્થમાં જન્મદિનને એક વધુ ખાસ અને યાદગાર દિવસ બનાવી શકીએ!

યુવાવસ્થા બાદ જયારે જીવનની દોડાદોડીમાં વ્યસ્ત બની જઈએ ત્યારે આ જન્મદિનની ઉજવણીનો ખાસ રોમાંચ કે ઉત્સાહ રહેતો નથી ! તે કેલેન્ડરમાં રહેલી માત્ર એક તારીખ બનીને પસાર થઈ જાય છે. કદાચ બાહ્ય રીતે તેની ઉજવણી કરી લઈએ તો પણ મનમાં પહેલાનો રોમાંચ કે ઉત્સાહ અનુભવાતો નથી. તેમાં દુ:ખ કે વિષાદ કારણરૂપ હોય છે તેમ નથી પરંતુ, જવાબદારીઓના બોજા હેઠળ ઈચ્છાઓ થોડા સમય માટે સુષુપ્ત બની જતી હોય છે ! અને ત્યારબાદ જીવનના અંતિમ પડાવમાં પ્રવેશવાની અવસ્થા! આ અવસ્થામાં આપણને લાગે છે કે જન્મદિવસ આવવો એટલે જીવનના વધુ એક વર્ષની બાદબાકી! ઈશ્વરની સમીપ જવાની સફર તરફની આગેકૂચ એટલે જન્મદિવસ! એ સમયે જીવનને આપણે તેના મૂળ સ્વરુપે જાણી શકીએ છીએ અને આપણા અસ્તિત્વને પણ!

કવિશ્રી દલપત પઢિયાર નિખાલસ એકરાર કરતાં લખે છે કે,
''અમે અમારી ઓળખ વિશે આજ લગી બસ, હાંક્યે રાખ્યું!
અંદર કશું મળે નહીં ઉપર ચાદર જેવું ઢાંક્યે રાખ્યું!''

આ સૃષ્ટિ પર અનેક જીવોના આગમન અને વિસર્જનની પ્રક્રિયા પ્રકૃતિના નિયમ અનુસાર નિત્યનિરંતર અવિરતપણે ચાલ્યા જ કરે છે. ઉંમરના વિવિધ તબક્કે આપણે સૌ વિવિધ રીતે જન્મદિવસને પોતપોતાની આગવી રીતે ઉજવીએ એ જ શુભકામનાઓ !

આજે તારો જન્મદિવસ છે.
શુભેચ્છાઓ સ્વભાવે મૂંગી જ હોય
એમ હું માનું છું,
પણ, શબ્દ પણ કદીક જીવતા થઈ
ચમકી ઊઠે તો એ સમયે
મારા આ શબ્દો ખપમાં લાગશે.
એટલે હૃદયપૂર્વક ઈચ્છું કે
આ અદ્‌ભૂત જીવનનું સઘળું આશ્ચર્ય,
વિરાટ આનંદની અનુપમ ક્ષણો,
તારા ખોળામાંથી પણ બહાર ડોકાઈ રહે
એવી વિસ્મયની ક્ષણો -
- તને આવનારા દિવસોમાં સાંપડે,
તું ઈચ્છે એવું થોડુંક સુખ મળે ;
સહન કરી શકાય એટલી પીડા !
મનગમતાં માણસોના અવાજથી તારા દિવસો ગુંજતા રહે.
કદીય એટલી એકલતા ન અનુભવે કે
મૃત્યુ વિશે અણધાર્યો વિચાર પણ પ્રવેશે.
તું પ્રતીક્ષાનું સુખ માણજે
વિરહનો ઉત્સવ મનાવજે
અને
સાચકલાં સુખની ક્ષણોથી જીવતરને શણગારજે.
તારી સાથે થોડાંક સ્વજન હશે જ
એમાં મારું નામ ઉમેરીશ ?
હું તારી સાથે જ હતો
આ ક્ષણે પણ છું અને રહીશ.